# પારંપારિક પદ્ધતિ દ્વારા ગઠ્ઠાવાળી (લંપી) ત્વચા રોગનો ઉપચાર



## અ. મૌખિક ઉપચાર (ખવડાવવા માટે)

(ઓછામાં ઓછા એક કલાકના ગાળે વારાફરથી પશુને ખવડાવો)

### 1 પહેલો ઉપચાર

**સામગ્રીઃ (એક ડોઝ માટે)**

નાગરવેલનાં પાન - ૧૦ નંગ, કાળા મરી - ૧૦ ગ્રામ, મીઠું - ૧૦ ગ્રામ, ગોળ જરૂરિયાત મુજબ

**બનાવવાની રીતઃ**

- ઉપર બતાવેલી તમામ સામગ્રીને દળીને પેસ્ટ બનાવી લો અને એમાં ગોળ મિક્સ કરો
- તૈયાર થયેલ ડોઝ નાની નાની માત્રામાં પશુને ખવડાવો
- પહેલા દિવસે દર ત્રણ કલાકે એક એક ડોઝ ખવડાવો (દિવસ ૧)
- બીજા દિવસથી લઈને બે અઠવાડિયા સુધી સવાર, બપોર અને સાંજ એમ રોજના ત્રણ ડોઝ ખવડાવો
- દરરોજ ડોઝ તાજા બનાવો






### 2 બીજો ઉપચાર

**સામગ્રીઃ (બે ડોઝ માટે)**

લસણ - ૨ કળી, ધાણા- ૧૦ ગ્રામ, જીરુ - ૧૦ ગ્રામ, તુલસી - ૧ મુઠ્ઠી, તેજ પત્તા- ૧૦ ગ્રામ, કાળા મરી - ૧૦ ગ્રામ, નાગરવેલનાં પાન - ૫ નંગ, નાની ડુંગળી - ૨ નંગ, હળદર પાવડર- ૧૦ ગ્રામ, ચીરાતાનાં (કરીયાતું) પાનનો પાવડર- ૩૦ ગ્રામ, ડમરાના પાન- ૧ મુઠ્ઠી, લીમડાના પાન- ૧ મુઠ્ઠી, બીલીનાં પાન- ૧ મુઠ્ઠી, ગોળ- ૧૦૦ ગ્રામ

**બનાવવાની રીતઃ**

- ઉપર બતાવેલી તમામ સામગ્રીને દળીને પેસ્ટ બનાવી લો અને એમાં ગોળ મિક્સ કરો
- તૈયાર થયેલ ડોઝ નાની નાની માત્રામાં પશુને ખવડાવો
- પહેલા દિવસે દર ત્રણ કલાકે એક એક ડોઝ ખવડાવો (દિવસ ૧)
- બીજા દિવસથી રોજ સવાર સાંજ બે ડોઝ જ્યાં સુધી સ્થિતિ સુધારે નહિ ત્યાં સુધી ખવડાવો
- દરરોજ ડોઝ તાજા બનાવો




## બ. ઘા/જખમ પર લગાવવા માટે મિશ્રણ

(જો ઘા/જખમ હોય તો)

**સામગ્રીઃ**

વાંછીકાંટો/દદણોનાં પાન- ૧ મુઠ્ઠી, લસણ- ૧૦ કળી, લીમડાના પાન- ૧ મુઠ્ઠી, નારીયેળ અથવા તલનું તેલ- ૫૦૦ મિલી., હળદર પાવડર- ૨૦ ગ્રામ, મહેંદીનાં પાન- ૧ મુઠ્ઠી, તુલસીનાં પાન- ૧ મુઠ્ઠી




**બનાવવાની રીતઃ**

બધી સામગ્રીને બરાબર દળીને ૫૦૦ મિલી નારિયેળ કે તલનાં તેલ સાથે મિક્ષ કરી ઉકાળો અને ઠંડુ કરો




**લગાવવાની રીતઃ**

ઘા/જખમને સાફ કરી સીધું લગાવી દો.

**જો ઘા/જખમમાં કીડા દેખાય તોઃ**

જો ઘા/જખમમાં કીડા દેખાય તો ફક્ત પહેલા દિવસે સીતાફળનાં પત્તાની પેસ્ટ અથવા કપૂરયુક્ત નારિયેળ તેલ લગાવો.

યૂ ટ્યૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

NATIONAL DAIRY DEVELOPMENT BOARD

પ્રો. એન. પુનિયામુર્તી ના માર્ગદર્શન પ્રમાણે (profpunniya@gmail.com)
વધારે જાણકારી માટે સંપર્ક કરોઃ anand@nddb.coop

www.nddb.coop • facebook.com/NationalDairyDevelopmentBoard

TDU INSTITUTE OF TRANSDISCIPLINARY HEALTH SCIENCES & TECHNOLOGY